## Acknowledgement

## નિ વે દ ન

વડોદરાની મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીમાં ગુજરાતીના વિષયમાં પીએચ.ડી.નો અભ્યાસ કરવાનું વિચાર્યું, ત્યારે મારી સમક્ષ સૌથી મોટો પ્રશ્ન વિષય પસંદગીનો હતો.

ઝવેરચંદ મેઘાણીના જીવન અને કવન વિશે મહાનિબંધ તૈયાર કરવાનું મેં વિચાર્યું અને મેં મારી દરખાસ્ત ગુજરાતી વિભાગના ભૂતપૂર્વ અધ્યક્ષ અને પ્રાચ્ય વિદ્યામંદિરના નિયામક ડૉ.ભોગીલાલ સાંડેસરા સમક્ષ રજૂ કરી. તેમણે સૂચિત વિષયના વ્યાપ વિશે વિગતે સ્પષ્ટતા કરી અને નિશ્ચિત વ્યાપવાળો – "મેઘાણી : લોકસાહિત્યના સંશોધક અને સંપાદક" – વિષય સૂચવ્યો હતો. હું તે માટે ડૉ. સાંડેસરાનો આભારી છું.

આ મહાનિબંધ નિમિત્તે મારે અનેક મહાનુભાવોના સંપર્કમાં આવવાનું થયું હતું. તે સૌ મહાનુભાવોએ કરેલી મદદ માટે તેમનો અત્યંત ઋણી છું. ડૉ.ભોગીલાલ સાંડેસરા, પ્રો.અનંતરાય રાવળ, સ્વ.બચુભાઈ રાવત, સ્વ. મનુભાઈ જોધાણી, શ્રી મહેન્દ્ર મેઘાણી, શ્રી જયંત મેઘાણી, શ્રી પૃથ્વીસિંહ રાઓલ, પ્રો.કનુભાઈ જાની, પ્રો. પુષ્કર ચંદરવાકર વગેરેએ રૂબરૂમાં તેમ જ પત્રોથી અમૂલ્ય માર્ગદર્શન આપ્યું છે, તે બદલ તેમનો સૌનો આભાર માનું છું. ડૉ. હર્ષદ ત્રિવેદી ("પ્રાસન્નેય") એ કરેલા કીમતી સલાહ-સૂચનો બદલ તેમનો પણ અત્યંત ઋણી છું. ગુજરાતી વિભાગના અધ્યક્ષ ડૉ. સિતાંશુ મહેતાએ વહીવટી કામમાં કરેલી મદદ માટે તેમનો પણ આભારી છું.

ડૉ. લવકુમાર દેસાઇનો આભાર માનું તો કદાચ તેમને નહિ ગમે; પરંતુ પ્રતિકૂળ સંજોગો વચ્ચે તેમણે મારા માર્ગદર્શક તરીકે જવાબદારી સ્વીકારી અને મિત્રભાવે વારંવાર સલાહ-સૂચનો આપીને, મૂલ્યવાન માર્ગદર્શન પૂરું પાડ્યું છે, તે બદલ તેમનો ખાસ ઋણી છું.

આ મહાનિબંધ લખવા માટે મને અનેક પ્રકારની અનુકૂળતા કરી આપનાર, પ્રેરણા અને પ્રોત્સાહન આપનાર, મારાં પત્ની શ્રીમતી હેમલતા દેસાઇનો પણ આભારી છું. તેમની સહાય વિના આ કામ સમયસર પૂરું ન થઇ શક્યું હોત !

યુનિવર્સિટી ગ્રાન્ટસ્ કમિશને પ્રસ્તુત મહાનિબંધ માટે માતબર આર્થિક સહાય આપી છે, તે બદલ તેના અધિકારીઓનો ખાસ આભાર માનું છું.

ટાઇપ મશીનની મર્યાદાઓને કારણે તેમ જ ઉતાવળ જેવાં કારણોએ મહાનિબંધની ટાઇપ થયેલી નકલોમા આવી ગયેલી ભૂલોને સુધારી લેવા માટે બનતી ચીવટ રાખવા કોશિશ કરી છે, તેમ છતાં ક્યાંક ક્યાંક ક્ષતિઓ રહી જવા પામી હોય તો તે બદલ હું અહીં ક્ષમા યાચી લઉં છું. ટાઇપિસ્ટ શ્રી સી. એન. કાછિયાનો ટૂંકા સમયમા સફાઇદાર કામ કરી આપવા માટે આભાર માનું છું. આ મહાનિબંધની તૈયારી કરવામા સહાય કરનાર સૌ નામી - અનામી મિત્રો-વડીલોનો આભાર માનતાં હર્ષ અનુભવું છું.

વડોદરા,
તા. ૨-૬-૧૯૮૩.